Saturday
25.04.2026
*Volume :10 * Issue No.288

જય જય ગરવી ગુજરાત — વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

# કમલમ્
KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily



*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)
*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028



*Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-


## ચુંટણી પ્રચારના અંતિમ દિવસે કર્ણાવતી મહાનગર ખાતે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં ભાજપાનો ભવ્ય રોડ-શો યોજાયો

**ભાજપા પ્રત્યે સમર્થન દર્શાવવા રોડ-શો માં અદભૂત ઊર્જા અને ઉમંગ સાથે ઉપસ્થિત થયેલ નાગરિકોનું અભિવાદન ઝીલી આભાર વ્યક્ત કરતા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા**







કમલમ્,
સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પ્રચારના અંતિમ દિવસે કર્ણાવતી મહાનગર ખાતે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં ભવ્ય રોડ-શો યોજાયો હતો. કાર્યકરોની અદભૂત ઊર્જા અને ઉમંગ તેમજ વિશાળ જનસમર્થન સાથે રોડ-શોનો શ્યામ શિખર ચાર રસ્તાથી પ્રારંભ થયો હતો. ઈન્ડિયા કોલોની, ઠક્કરબાપા નગર એપ્રોચ, લીલાનગર, ખોડિયાર નગર રોડ, ૮૦ ફૂટ રોડ બેટી બચાવો સર્કલ થઈ ૮૦ ફૂટ રોડ ખોડિયાર મંદિર ખાતે આ ભવ્યાતિભવ્ય રોડ-શોનું સમાપન થયું હતું. આ રોડ-શો બાપુનગર, ઈન્ડિયા કોલોની, ઠક્કરબાપાનગર અને વિરાટનગર વિસ્તાર માથી પસાર થયો હતો. રોડ-શો ના સમગ્ર રૂટ દરમિયાન યુવાઓ, મહિલાઓ અને વડીલો સહિત સૌ નાગરિકોએ પુષ્પવર્ષા કરી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા શ્રી જગદીશભાઈ વિશ્વકર્માને આવકાર્યા હતાં. ભાજપાના કેસરિયા ધ્વજ, કેસરી ખેસ તેમજ ભાજપાના પ્રચાર ગીત તથા દેશભક્તિના ગીતો, વંદે માતરમ્ અને ભારતમાતા કી જયના નારાની ગુંજ અને ઢોલ નગારાના નાદ સાથે સમગ્ર વાતાવરણ ઉર્જામય બન્યું હતું અને જાણે કેસરિયો સાગર સર્જાયો હોય તેવા દ્રશ્યો સર્જાયા હતાં. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ સૌ નાગરિકોનું અભિવાદન ઝીલી ભાજપાને અભૂતપૂર્વ સમર્થન દર્શાવવા બદલ આભાર વ્યકત કર્યો હતો. રોડ-શો દરમિયાન પ્રજામાં જોવા મળેલ ઉત્સાહ અને સ્વયંભૂ સમર્થન આવનારી ચૂંટણીમાં ભાજપાના જંગી વિજયની સાક્ષી પૂરી રહ્યો હતો.

આ પ્રસંગે કર્ણાવતી મહાનગર ભાજપા અધ્યક્ષશ્રી પ્રેરકભાઈ શાહ, અમદાવાદ પૂર્વ લોકસભાના સાંસદશ્રી હસમુખભાઈ પટેલ, ધારાસભ્યશ્રીઓ, આગેવાનો, અગ્રણીઓ, કાર્યકરો અને સમર્થકો ઉપસ્થિત રહ્યાં હતાં.

## ભારતીય જનતા પાર્ટી બારડોલી નગર બીજેપી તથા યુવા મોરચા દ્વારા વિજય સંકલ્પ બાઈક રેલી યોજાઈ

**બારડોલીના ધારાસભ્ય શ્રી ઈશ્વર ભાઈ પરમાર જીએ વિજય સંકલ્પ બાઇક રેલીમાં ઉપસ્થિત રહી પ્રસ્થાન કરાવ્યું.**





કમલમ્, બારડોલી

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પ્રચાર પ્રસાર અંતિમ તબક્કામાં છે ત્યારે આજે બારડોલી નગર ભારતીય જનતા પાર્ટી તેમજ યુવા મોરચા દ્વારા આજે વિશાળ વિજય સંકલ્પ બાઇક રેલી યોજાઈ હતી. ૧૬૯ બારડોલી વિધાનસભાના ધારાસભ્ય શ્રી ઈશ્વર ભાઈ પરમાર જીએ આ બાઇક રેલી બારડોલી નગરના ડો. બાબા સાહેબ આંબેડકર સર્કલ થી પ્રસ્થાન કરાવ્યું હતું. જે નગરમાં શિવાજી ચોક, સ્વામિનારાયણ મંદિર થઈ શાસ્ત્રી રોડ, અસ્તાન રોડ, સ્ટેશન રોડ, સરદાર બાગ, મહાત્મા ગાંધી રોડ, થઈ રેલ્વે સ્ટેશન પાસે પૂર્ણ થઈ હતી. ત્યાર બાદ આ પ્રસંગે બારડોલી નગર બીજેપી અને યુવા મોરચાના સફળ આયોજન ને બિરદાવીને આ ધમધોકત તાપ માં હિટ વેવ અને અસહ્ય ગરમી માં ઉપસ્થિત વિશાલ જનમેદની ભારતીય જનતા પાર્ટીના જનસમર્થન માં આવેલા નગરજનો, કાર્યકર્તાઓનો આભાર માનતા ધારાસભ્ય શ્રી ઈશ્વર ભાઈ પરમાર જીએ જણાવ્યું હતું. કે. બારડોલી નગર બીજેપી ના ગઢ છે. અને જે રીતે અત્યાર સુધીમાં સ્થાનિક સ્વરાજ્યની અને ચૂંટણીમાં જે પરિણામો આવે છે. એનાથી પણ વધારે સારું પરિણામ આવે એવી આ વિસ્તારન ધારાસભ્ય તરીકે આશા રાખું છું. અને મને વિશ્વાસ છે કે આ વખતે પણ પરંપરા જાળવી રાખશે. તમામ ચૂંટણીમાં પંચાયત થી સુધી પાર્લામેન્ટ સુધી ભારતીય જનતા પાર્ટીનું શાસન આવશે અને મોદી સાહેબ ફરી થી ચોથી વખત પ્રધાનમંત્રી બનશે. એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આ વિજય સંકલ્પ બાઇક રેલી માં ૧૬૯ બારડોલી વિધાનસભાના ધારાસભ્ય શ્રી ઈશ્વર ભાઈ પરમાર, નગર પ્રમુખ આનંતભાઈ જૈન મહામંત્રી શ્રી નિસર્ગ ભાઈ મહેતા મુકેશ ભાઈ પટેલ, રાકેશભાઈ ગાંધી, યુવા મોરચાના પ્રમુખ ભાવિ તથા પદાધિકારીઓ, કાર્યકર્તાઓ, હાજર રહી યુવા કાર્યકર્તાઓને પ્રોત્સાહિત કર્યા હતા.

## ગ્રીન ઈકોનોમી 'ગ્રીન જોબ્સ' અને 'ગ્રીન આંત્રપ્રિન્યોરશિપ'ના નવા માર્ગો બનાવશે, ભારતના ટકાઉપણાં-સંચાલિત વિકાસમાં યુવાનો મુખ્ય ભૂમિકા ભજવશે: ડો. જીતેન્દ્ર સિંહ

**સ્વચ્છ ઉર્જા પ્રોત્સાહન, ગ્રીન ટ્રાન્ઝિશન માત્ર વિવિધ ક્ષેત્રોમાં નવી નોકરીઓ જ નહીં ખોલે પરંતુ ટકાઉ અને લો-કાર્બન વૃદ્ધિ તરફ ભારતના પરિવર્તનને પણ વેગ આપશેઃ જામિયાની એન્વાયર્નમેન્ટલ સસ્ટેનેબિલિટી કોન્ફરન્સમાં ડો. જીતેન્દ્ર સિંહ**



**ભારતનું ડેવલપમેન્ટ મોડેલ ગ્રીન ગ્રોથ તરફ મોટા પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યું છેઃ જામિયા મિલિયા ઈસ્લામિયા ખાતે ડો. જીતેન્દ્ર સિંહ**

કમલમ્,
કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી, પૃથ્વી વિજ્ઞાન રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) અને PMO, કાર્મિક, જાહેર ફરિયાદો, પેન્શન, પરમાણુ ઊર્જા અને અવકાશ રાજ્ય મંત્રી ડો. જીતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે "ગ્રીન જોબ્સ" અને 'ગ્રીન આંત્રપ્રિન્યોરશિપ' ભવિષ્યની ગ્રીન ઈકોનોમીના નિર્ણાયક ચાલક બનવા જઈ રહ્યા છે, જેમાં નવીનીકરણીય ઉર્જા, ઈલેક્ટ્રિક મોબિલિટી, હરિત ઈંધણ અને ચક્રિય અર્થતંત્ર જેવા ક્ષેત્રો યુવાનો માટે મોટા પાયે રોજગારીની તકો ઊભી કરશે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આ સંક્રમણ માત્ર નોકરીઓ જ પેદા કરશે નહીં પરંતુ ટકાઉ અને લો-કાર્બન વૃદ્ધિ તરફ ભારતના પરિવર્તનને પણ વેગ આપશે. ડો. જીતેન્દ્ર સિંહ પૃથ્વી દિવસ નિમિત્તે જામિયા મિલિયા ઈસ્લામિયા, નવી દિલ્હી ખાતે આયોજિત "૨૧મી સદીમાં પર્યાવરણીય ટકાઉપણું: વિજ્ઞાન, સમાજ અને ઉકેલો" (એન્વાયર્નમેન્ટલ સસ્ટેનેબિલિટી ઈન ધ ટ્વેન્ટી ફર્સ્ટ સેન્ચુરી: સાયન્સ, સોસાયટી એન્ડ સોલ્યુશન્સ) વિષય પરની રાષ્ટ્રીય પરિષદના સમાપન સત્રને સંબોધિત કરી રહ્યા હતા. આ સત્રમાં વાઈસ ચાન્સેલર પ્રો. મઝહર આસિફ, રજિસ્ટ્રાર પ્રો. મોહમ્મદ મહેતાબ આલમ રિઝવી, ગેસ્ટ ઓફ ઓનર પ્રો. ડી.પી. સિંહ તેમજ ફેકલ્ટી સભ્યો, સંશોધકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ભારતની વધતી જતી ગ્રીન ઈકોસિસ્ટમનો ઉલ્લેખ કરતા ડો. જીતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે ૧૯,૦૦૦ કરોડથી વધુના ખર્ચ સાથે નેશનલ ગ્રીન હાઈડ્રોજન મિશન જેવી પહેલો સ્વચ્છ ઔદ્યોગિક પરિવર્તનનો પાયો નાખી રહી છે. તેમણે કહ્યું કે ઉભરતી ટેકનોલોજી સ્ટીલ અને સિમેન્ટ જેવા મુખ્ય ક્ષેત્રોમાં ડીકાર્બોનાઈઝેશનને સક્ષમ કરી રહી છે, જે ભારતને વૈશ્વિક ગ્રીન ટ્રાન્ઝિશનમાં મોખરે રાખે છે.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે તકનીકી પરિવર્તનની ગતિ એવી છે કે આજે કલ્પના કરવામાં આવેલા ઉકેલો ઝડપથી વિકસી શકે છે, જે સતત નવતર પ્રયોગો (innovate) કરવા માટે આવશ્યક બનાવે છે. ઈલેક્ટ્રિક મોબિલિટી સ્પેસના ઉદાહરણો ટાંકીને, તેમણે ખર્ચ-અસરકારક પાયાના સ્તરની નવીનતાઓનો ઉલ્લેખ કર્યો જ્યાં પરંપરાગત વાહનોને ઈલેક્ટ્રિક વાહનોમાં રૂપાંતરિત કરવામાં આવી રહ્યા છે, જે ટકાઉપણાંને સસ્તું અને વ્યાપક બનાવે છે. રોજગારીના નવા માર્ગોના ઉદ્ભવ પર ભાર મૂકતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આવનારા વર્ષોમાં સોલર ઉત્પાદન, બેટરી પ્રોડક્શન, ગ્રીડ મેનેજમેન્ટ અને બાયોફ્યુઅલમાં ગ્રીન જોબ્સનું વિસ્તરણ જોવા મળશે.

તેમણે વપરાયેલા રાંધણ તેલને બાયોફ્યુઅલમાં રૂપાંતરિત કરવા સહિતની સર્ક્યુલર ઈકોનોમીને આંત્રપ્રિન્યોરશિપ અને જોબ ક્રિએશન માટેના આશાસ્પદ ક્ષેત્ર તરીકે પણ ઉલ્લેખ કર્યો હતો. ડો. જીતેન્દ્ર સિંહે સમુદ્રી ઊર્જા જેવા નવા ક્ષેત્રો તરફ પણ ધ્યાન દોર્યું હતું, જે ભારતની વિશાળ દરિયાકિનારો હોવા છતાં મોટાભાગે વણવપરાયેલું છે, અને કહ્યું હતું કે તે આવનારા વર્ષોમાં સૌર અને પવન ઊર્જાનું પૂરક બનશે. ઊર્જા સુરક્ષાના મોરચે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ભારત લાંબા ગાળાના લક્ષ્યાંકો સાથે ઉચ્ચ પરમાણુશક્તિ ક્ષમતા તરફ આગળ વધી રહ્યું છે, જ્યારે નવીનતા અને રોકાણને વેગ આપવા માટે અવકાશ અને પરમાણુ ઊર્જા જેવા વ્યૂહાત્મક ક્ષેત્રોમાં ખાનગી ક્ષેત્રની વધુ ભાગીદારીને પણ સક્ષમ બનાવી રહ્યું છે. ?૧ લાખ કરોડના રિસર્ચ, ડેવલપમેન્ટ એન્ડ ઈનોવેશન (RDI) ફંડનો ઉલ્લેખ કરતા ડો. જીતેન્દ્ર સિંહે કહ્યું કે આ પહેલનો ઉદ્દેશ્ય સરકાર અને ખાનગી હિતધારકો વચ્ચેના સહયોગી ભંડોળ મોડેલ સાથે સંશોધકો અને સ્ટાર્ટઅપ્સને તેમના વિચારોને મોટા પાયે વિકસાવવામાં મદદ કરવાનો છે.

ભારતની વૈશ્વિક જવાબદારી પર ભાર મૂકતા ડો. જીતેન્દ્ર સિંહે કહ્યું કે ૧.૪ અબજ લોકો સાથે, દેશ આબોહવા પરિવર્તનની કાર્યવાહીને આગળ વધારવામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. તેમણે કહ્યું કે ભારત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા હિમાયત કરવામાં આવેલ "પર્યાવરણ માટે જીવનશૈલી (LiFE)" ના વિઝન દ્વારા માર્ગદર્શિત વૈશ્વિક ગ્રીન ટ્રાન્ઝિશનનું નેતૃત્વ કરવા માટે સારી સ્થિતિમાં છે. ડો. જીતેન્દ્ર સિંહે વિદ્યાર્થીઓ અને યુવા સંશોધકોને ટકાઉપણાંમાં ઉભરતી તકો સાથે સક્રિયપણે જોડાવા માટે પણ પ્રોત્સાહિત કર્યા હતા, અને જણાવ્યું હતું કે ભવિષ્ય યુવાનો દ્વારા સંચાલિત નવીનતા, અનુકૂલનક્ષમતા અને જાણકાર પસંદગીઓ દ્વારા ઘડાશે.

## કેન્દ્રીય મંત્રી શ્રી જ્યોતિરાદિત્ય એમ. સિંધિયાએ 'અષ્ટલક્ષ્મી દર્શન યુવા વિનિમય કાર્યક્રમ'ના સહભાગીઓ સાથે સંવાદ કર્યો



કમલમ્,
કેન્દ્રીય સંચાર અને ઉત્તર પૂર્વીય ક્ષેત્ર વિકાસ મંત્રી શ્રી જ્યોતિરાદિત્ય એમ. સિંધિયાએ ૨૨મી એપ્રિલે ઉત્તર પૂર્વીય ક્ષેત્ર વિકાસ મંત્રાલય (MDoNER) ની ફ્લેગશિપ પહેલ 'અષ્ટલક્ષ્મી દર્શન યુવા વિનિમય કાર્યક્રમ' (Ashtalakshmi Darshan Youth Exchange Programme) ના વિદ્યાર્થીઓ સાથે વર્ચ્યુઅલ સંવાદ કર્યો હતો. આ કાર્યક્રમમાં સચિવ સંજય જાજુ, સંયુક્ત સચિવ નીરજ કુમાર સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના ભાગરૂપે, કેન્દ્રીય મંત્રી, MDoNERએ અનુક્રમે IIT ગુવાહાટી, આસામ યુનિવર્સિટી અને તેઝપુર યુનિવર્સિટી ખાતે બેચ-૧૩, ૧૪ અને ૧૫ ના વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો. આ બેચમાં ૧૦૦ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે, જેમાં છત્તીસગઢ, નવી દિલ્હી, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને ગોવા એમ દરેક રાજ્યના ૨૦ વિદ્યાર્થીઓ સામેલ હતા, જેઓ ૧૫ માર્ચ ૨૦૨૬ થી ૧૦ એપ્રિલ ૨૦૨૬ દરમિયાન નિર્ધારિત વિનિમય કાર્યક્રમમાં ભાગ લઈ રહ્યા છે. સંવાદ કાર્યક્રમની શરૂઆત DoNER મંત્રાલયના સંયુક્ત સચિવ શ્રી નીરજ કુમારની પ્રારંભિક ટિપ્પણીથી થઈ હતી, ત્યારબાદ કેન્દ્રીય મંત્રી, MDoNER દ્વારા મુખ્ય સંબોધન કરવામાં આવ્યું હતું. સંવાદ સત્ર દરમિયાન, વિદ્યાર્થીઓએ એક્સપોઝર વિઝિટ (પ્રવાસ) અંગેના તેમના અનુભવો અને પ્રતિભાવો શેર કર્યા હતાઃ દુર્ગ, છત્તીસગઢના સુશ્રી રાગિણી સાહુએ વિવિધ સ્થળોની મુલાકાતો સહિત NER (ઉત્તર પૂર્વીય ક્ષેત્ર)ના અનન્ય પાસાઓ પર પ્રકાશ પાડ્યો હતો અને ભારપૂર્વક જણાવ્યું હતું કે આવી એક્સપોઝર વિઝિટ અત્યંત મૂલ્યવાન છે અને ભારતભરના વિદ્યાર્થીઓ માટે તેને પ્રોત્સાહિત કરવી જોઈએ. છત્તીસગઢના અન્ય એક સહભાગી શ્રી હરીશ કુમાર સાહુએ જણાવ્યું હતું કે ઉત્તર પૂર્વની મુલાકાત લીધા પછી તેઓ ખરેખર સમજી શક્યા છે કે શા માટે આ પ્રદેશને તેની સમૃદ્ધિ અને વિવિધતાનું પ્રતીક માનીને "અષ્ટલક્ષ્મી" તરીકે ઓળખવામાં આવે છે. પોતાનો અનુભવ શેર કરતા, જામિયા મિલિયા ઈસ્લામિયા, નવી દિલ્હીના સુશ્રી ઈફરાહ કાવાએ પ્રદેશના ઉષ્માભર્યા આતિથ્યની પ્રશંસા કરી અને NER ના હોસ્પિટાલિટી મેનેજમેન્ટ અને સાંસ્કૃતિક સમૃદ્ધિમાં રસ વ્યક્ત કર્યો. મધ્યપ્રદેશના ભોપાલ સ્થિત બરકતુલ્લાહ યુનિવર્સિટીના શ્રીમતી શૈલી તિવારીએ તેમની મુલાકાત પર પ્રતિબિંબ પાડતા, તેમના સમૃદ્ધ અનુભવો પર પ્રકાશ પાડ્યો, જેમાં એરફોર્સ સ્ટેશનની મુલાકાત, આસામ રાઈફલ્સના અધિકારીઓ સાથેની વાતચીત અને ટેરેસ ફાર્મિંગ, વાંસના ઘરો અને પ્રદેશની વિવિધ આદિવાસી સંસ્કૃતિઓનો સમાવેશ થાય છે. પોતાના અનુભવ પર પ્રતિબિંબ પાડતા, રાજસ્થાન સેન્ટ્રલ યુનિવર્સિટીના શ્રી વિકાસ બાલીએ જણાવ્યું કે ઉત્તર પૂર્વીય ક્ષેત્રની તેમની મુલાકાત ખરેખર સમૃદ્ધ હતી. તેમણે વ્યક્ત કર્યું કે દ્રઈઈ ને પ્રત્યક્ષ જોવાથી તેમને તેની કુદરતી સુંદરતા, સંસ્કૃતિ અને વિવિધતાની ઊંડી સમજ મળી, જેનાથી આ અનુભવ સમજદાર અને યાદગાર બન્યો. સૌથી આકર્ષક સંવાદ ગવર્નમેન્ટ હાયર સેકન્ડરી સ્કૂલ વાલપોઈ, ગોવાના સુશ્રી દીક્ષા ડી. ગાવંકર તરફથી મળ્યો હતો, જેમણે તેમના અનુભવને યાદગાર ગણાવતા દ્રઈઈની કુદરતી સુંદરતા, લોકો અને સ્થાનિક ભોજનની પ્રશંસા કરી હતી. તેમની સાથે ગોવાના સાથી વિદ્યાર્થીઓ જોડાયા હતા, જેમણે આસામી ભાષામાં ગીત રજૂ કરીને પ્રદેશ પ્રત્યે સાંસ્કૃતિક પ્રશંસા અને ભાવનાત્મક જોડાણ પ્રદર્શિત કર્યું હતું. કેન્દ્રીય મંત્રીએ વિદ્યાર્થીઓ દ્વારા શેર કરવામાં આવેલા અનુભવોની પ્રશંસા કરી અને તેમને પોતપોતાના રાજ્યોમાં ઉત્તર પૂર્વીય ક્ષેત્રના એમ્બેસેડર (દૂત) તરીકે કામ કરવા પ્રોત્સાહિત કર્યા. તેમણે રાષ્ટ્રીય એકીકરણ, પરસ્પર આદર અને દેશના યુવાનોમાં જવાબદારીની સહિયારી ભાવનાને મજબૂત કરવામાં આવા વિનિમય કાર્યક્રમોના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે પુનરોચ્ચાર કર્યો હતો કે અષ્ટલક્ષ્મી દર્શન યુવા વિનિમય કાર્યક્રમ દ્વારા માનનીય પ્રધાનમંત્રીનું વિઝન વિદ્યાર્થીઓને ઉત્તર પૂર્વ ભારતની અધિકૃત સંસ્કૃતિ, લોકો અને પરંપરાઓનો અનુભવ કરાવવા અને એકતા તેમજ એકીકરણના એમ્બેસેડર તરીકે પરત ફરવા માટે સક્ષમ બનાવવાનું છે. સંવાદનું સમાપન DoNER મંત્રાલયના સચિવ શ્રી સંજય જાજુના સંબોધન સાથે થયું હતું, જેમાં તેમણે આ પહેલને સફળ બનાવવા બદલ તમામ સહભાગી વિદ્યાર્થીઓ, ભાગીદાર સંસ્થાઓ અને હિતધારકો પ્રત્યે નિષ્ઠાપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે હાઈલાઈટ કર્યું હતું કે કાર્યક્રમની સફળ પૂર્ણાહુતિ રાષ્ટ્રીય એકીકરણ અને યુવા જોડાણની વધતી જતી ભાવનાને પ્રતિબિંબિત કરે છે. સચિવે તમામ વિદ્યાર્થીઓને તેમના ભવિષ્યના પ્રયાસો માટે શુભેચ્છાઓ પણ પાઠવી હતી અને તેમને કાર્યક્રમ દરમિયાન મેળવેલી શીખ અને અનુભવોને આગળ ધપાવવા અને સમગ્ર દેશમાં ઉત્તર પૂર્વીય ક્ષેત્રના એમ્બેસેડર તરીકે કાર્ય કરવા પ્રોત્સાહિત કર્યા હતા.

### અષ્ટલક્ષ્મી દર્શન – યુવા વિનિમય કાર્યક્રમ

ઉત્તર પૂર્વીય ક્ષેત્ર વિકાસ મંત્રાલય (MDoNER) એ તાજેતરમાં માનનીય પ્રધાનમંત્રીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ "અષ્ટલક્ષ્મી દર્શન -યુવા વિનિમય કાર્યક્રમ" શીર્ષક હેઠળ એક ફ્લેગશિપ પહેલ શરૂ કરી છે. નોર્થ ઈસ્ટર્ન કાઉન્સિલ (NEC) દ્વારા અમલમાં મૂકવામાં આવેલ આ કાર્યક્રમનો હેતુ ભાવનાત્મક એકીકરણને પ્રોત્સાહન આપવા, લોકો-થી-લોકોના જોડાણને મજબૂત કરવા, ઉત્તર પૂર્વીય ક્ષેત્ર (NER) ની સમજ વધારવા અને સહિયારી જવાબદારીઓની મજબૂત ભાવના કેળવવાનો છે. તે ૨૮ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ભાગીદારીની પરિકલ્પના કરે છે, જે ૧૪-દિવસીય ઈમર્સિવ એક્સપોઝર વિઝિટ (ગહન પ્રવાસ), શૈક્ષણિક સત્રો, હેરિટેજ ટૂર અને સ્થાનિક સમુદાયના સંવાદો દ્વારા સાર્થક યુવા-થી-યુવા જોડાણ, સાંસ્કૃતિક પ્રશંસા અને પરસ્પર સમજને પ્રોત્સાહન આપે છે. આ કાર્યક્રમ ૧ નવેમ્બર ૨૦૨૫ના રોજ સત્તાવાર રીતે શરૂ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ અત્યંત સફળ રહ્યો છે, જેમાં નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ૧૫ બેચમાં ૫૩૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો છે, જેઓએ ૮ ઉત્તર પૂર્વીય રાજ્યોની મુલાકાત લીધી છે અને ૧૧ યુનિવર્સિટીઓ તેમજ સંસ્થાઓ સાથે જોડાયા છે.

## તંત્રી સ્થાનેથી......

ભારત-ઈજિપ્ત સંયુક્ત સંરક્ષણ સમિતિ (જેડીસી) એ ૨૦ થી ૨૨ એપ્રિલ, ૨૦૨૬ દરમિયાન કૈરોમાં તેની ૧૧મી બેઠક દરમિયાન દ્વિપક્ષીય સંરક્ષણ સહયોગ વધારવા માટે ફળદાયી ચર્ચાઓ કરી હતી. ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ સંયુક્ત સચિવ (આંતરરાષ્ટ્રીય સહકાર) શ્રી અમિતાભ પ્રસાદે કર્યું હતું અને તેમાં સંરક્ષણ મંત્રાલય અને સંરક્ષણ દળોના વરિષ્ઠ પ્રતિનિધિઓ સામેલ હતા. ઈજિપ્તીયન પ્રતિનિધિમંડળનું નેતૃત્વ સંરક્ષણ દળો અને સંરક્ષણ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓએ કર્યું હતું. બંને પક્ષોએ પાછલી જેડીસી બેઠક પછી થયેલી પ્રગતિની વ્યાપક સમીક્ષા કરી અને સંરક્ષણ જોડાણ માટે ભવિષ્યલક્ષી રોડમેપ તૈયાર કર્યો. તેઓ દ્વિપક્ષીય સંરક્ષણ સહયોગ યોજના ૨૦૨૬-૨૭ પર સંમત થયા હતા જેમાં માળખાગત લશ્કરી ક્રિયાપ્રતિક્રિયા પદ્ધતિઓનો વિસ્તાર, સંયુક્ત તાલીમ આદાનપ્રદાનને મજબૂત બનાવવા, દરિયાઈ સુરક્ષા સહયોગ વધારવા, લશ્કરી કવાયતોનો અવકાશ અને જટિલતા વધારવા અને સંરક્ષણ ઉત્પાદન અને ટેકનોલોજીમાં સહયોગને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. ભારતીય પ્રતિનિધિમંડળે ભારતીય સંરક્ષણ ઉદ્યોગની ઝડપથી વિકસતી ઉત્પાદન ક્ષમતાઓ પર એક પ્રેઝન્ટેશન આપ્યું, જેમાં એ હકીકત પર ભાર મૂકવામાં આવ્યો કે સંરક્ષણ ઉદ્યોગોનું ઉત્પાદન ૨૦ અબજ યુએસ ડોલરને વટાવી ગયું છે અને ભારત ૧૦૦ થી વધુ દેશોમાં આશરે ૪ અબજ યુએસ ડોલરના ઉત્પાદનોની નિકાસ કરે છે. બંને પક્ષો સંરક્ષણ ઉદ્યોગ સહયોગ યોજના વિકસાવવા માટે સાથે મળીને કામ કરવા સંમત થયા. સંરક્ષણ ઉદ્યોગ સહયોગ ભારત-ઈજિપ્ત સંરક્ષણ સંબંધોના મુખ્ય સ્તંભ તરીકે ઉભરી રહ્યો છે, બંને પક્ષો સંરક્ષણ ઉત્પાદન ક્ષેત્રમાં સહ-વિકાસ અને સહ-ઉત્પાદન માટે તકો શોધી રહ્યા છે. બેઠક દરમિયાન પ્રથમ વખત નૌકાદળ-થી-નૌકાદળ સ્ટાફ વાટાઘાટો યોજાઈ હતી. હિંદ મહાસાગર ક્ષેત્રમાં નેવિગેશનની સ્વતંત્રતાને પ્રોત્સાહન આપવામાં ભારતીય નૌકાદળ દ્વારા ભજવવામાં આવેલી મહત્વપૂર્ણ ભૂમિકા રજૂ કરવામાં આવી હતી, અને દરિયાઈ સુરક્ષાને પ્રોત્સાહન આપવામાં ભારતના માહિતી ફ્યુઝન સેન્ટર દ્વારા ભજવવામાં આવેલી મહત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. ભારતીય પ્રતિનિધિમંડળે ઈજિપ્તીયન વાયુસેના (EAF) ના કમાન્ડર લેફ્ટનન્ટ જનરલ અમ્ર અબ્દેલ રહેમાન સકર સાથે પણ મુલાકાત કરી હતી. પ્રતિનિધિમંડળે બંને દેશોના વાયુસેના વચ્ચે ગાઢ સહયોગ માટે EAF કમાન્ડરનો આભાર માન્યો હતો. ભારતીય પ્રતિનિધિમંડળે હેલિયોપોલિસ યુદ્ધ સ્મારક પર પુષ્પાંજલિ પણ અર્પણ કરી અને પ્રથમ અને બીજા વિશ્વયુદ્ધ દરમિયાન સર્વોચ્ચ બલિદાન આપનારા ભારતના બહાદુર સપૂતોને શ્રદ્ધાંજલિ આપી હતી. ભારત-ઈજિપ્ત સંરક્ષણ ભાગીદારીમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ સપ્ટેમ્બર ૨૦૨૨માં સંરક્ષણ પ્રધાનની ઈજિપ્તની મુલાકાત દરમિયાન સંરક્ષણ ક્ષેત્રમાં સહયોગ માટે એક સમજૂતી કરાર પર હસ્તાક્ષર હતા. ૨૦૨૩માં બંને દેશો વચ્ચેના સંબંધો 'વ્યૂહાત્મક ભાગીદારી' ના સ્તરે ઉન્નત થયા. ૧૧મી બેઠકે બંને દેશો વચ્ચેના ગાઢ સંબંધોને પુનઃપુષ્ટિ આપી અને પ્રાદેશિક સુરક્ષા અને સ્થિરતા પ્રત્યેની તેમની પરસ્પર પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવી હતી.



કમલમ્,

ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ વડોદરા મહાનગર ખાતે પ્રદેશ યુવા મોરચા દ્વારા આયોજિત 'યુવા ચોપાલ' કાર્યક્રમમાં ઈનફ્લુએન્સર્સ અને ઉદ્યોગ સાહસિકો સાથે સંવાદ કર્યો હતો. આ અવસરે તેઓએ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં ભાજપ સરકાર દ્વારા યુવા સશક્તિકરણ ક્ષેત્રે મેળવેલી સિદ્ધિઓની વિગતવાર ચર્ચા કરી હતી. તેમણે કહ્યું કે, આજનો યુવાન માત્ર મતદાર નથી, પરંતુ આવતીકાલના ભારતનો સર્જક છે. યુવાનોની શક્તિ, સંકલ્પ અને સહભાગિતાથી જ વિકસિત ભારતનું સ્વપ્ન સાકાર બનશે.

# બનાસકાંઠા જિલ્લાના પાલનપુર ખાતે ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માની વિશેષ ઉપસ્થિતિમાં 'વિકાસ સંકલ્પ સભા' યોજાઈ

**પશ્ચિમ બંગાળ અને કેરળમાં વિરોધીઓ દ્વાર અત્યાચાર અને હત્યા સુધીની ઘટનાઓ બનવા છતાં ભાજપા કાર્યકર્તાઓ અડગ રહીને સંગઠનને મજબૂત બનાવી રહ્યા છે - શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા**

**ભાજપનો કાર્યકર્તા ૩૬૫ દિવસ જનતા વચ્ચે રહીને લોકસેવામાં કાર્યરત રહે છે, જ્યારે વિરોધ પક્ષના નેતાઓ માત્ર ચૂંટણી સમયે જ દેખાય છે - શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા**



**બનાસકાંઠામાં ભાજપાને પ્રચંડ બહુમતિ આપી તમામ સ્થાનોએ કમળ ખીલવવા માટે હાકલ કરતા શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા**

કમલમ્,

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના અનુસંધાને બનાસકાંઠા જિલ્લાના પાલનપુર ખાતે ગુજરાત ભાજપાના પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં વિકાસ સંકલ્પ સભા યોજાઈ હતી. ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે, ભાજપનો કાર્યકર્તા ૩૬૫ દિવસ અને ૨૪ કલાક જનતા વચ્ચે રહીને લોકસેવામાં કાર્યરત રહે છે, જ્યારે વિરોધપક્ષના નેતાઓ માત્ર ચૂંટણી સમયે જ દેખાય છે. કોંગ્રેસ પાસે નીતિ, નિયત અને નેતૃત્વ રહ્યાં નથી, માટે નાગરિકો અને કોંગ્રેસના કાર્યકરોને પણ કોંગ્રેસ પર વિશ્વાસ રહ્યો નથી. શ્રી વિશ્વકર્માએ કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકાર દ્વારા કાર્યરત આવતી વિવિધ જનકલ્યાણકારી યોજનાઓનો ઉલ્લેખ કરી ભાજપા સરકાર નાગરિક કલ્યાણ અને વિકાસ માટે કટિબદ્ધ હોવાનું તેમણે જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, કમોસમી વરસાદ થી થયેલા નુકસાનમાં ખેડૂતોને રાહત આપવા માટે ૧૦,૦૦૦ કરોડનું કિસાન સહાય પેકેજ આપી તેમજ ?૧૫,૦૦૦ કરોડની ટેકાના ભાવે પાક ખરીદી કરી અને આ તમામ રકમ સીધી ખેડૂતના ખાતામાં ચૂકવી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે ઐતિહાસિક રાહત પેકેજ આપ્યું છે. કોઈ પણ પરિસ્થિતિમાં ખેડૂતોની પડખે ઊભા રહેવા ભાજપા સરકાર કટિબદ્ધ છે. દેશની સુરક્ષા અંગે તેમણે જણાવ્યું હતું કે, કોંગ્રેસના સમયમાં આતંકવાદી હુમલાઓ બાદ માત્ર નિવેદનો આપવામાં આવતા, જ્યારે મોદી સરકારમાં સર્જિકલ સ્ટ્રાઈક, એર સ્ટ્રાઈક અને ઓપરેશન સિંદૂર જેવી દૃઢ કાર્યવાહી કરવામાં આવી છે. આતંકવાદ સામે ઝીરો ટોલરન્સ એ ભાજપાની નીતિ છે. શ્રી વિશ્વકર્માએ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશમાં સનાતન સંસ્કૃતિના સંવર્ધન માટે થયેલા કાર્યોનો ઉલ્લેખ કરતાં રામ મંદિર નિર્માણ, કાશી કોરિડોર, ઉજ્જૈન કોરિડોર, સોમનાથ, પાવાગઢ, અંબાજી અને દ્વારકા સહિતના યાત્રાધામોની ભવ્યતા અંગે વાત કરી હતી. કાર્યકર્તાઓના સમર્પણભાવને બિરદાવતાં શ્રી વિશ્વકર્માએ પશ્ચિમ બંગાળ અને કેરળમાં કાર્યરત ભાજપ કાર્યકર્તાઓના સંઘર્ષનો ઉલ્લેખ કરીને જણાવ્યું હતું કે, ત્યાં વિરોધીઓ દ્વારા કાર્યકર્તાઓ પર અત્યાચાર અને હત્યા સુધીની ઘટનાઓ છતાં તેઓ અડગ રહીને સંગઠનને મજબૂત બનાવી રહ્યા છે. તેમણે સમગ્ર બનાસકાંઠામાં ભાજપાને પ્રચંડ બહુમતિ આપી તમામ સ્થાનોએ કમળ ખીલવવા માટે હાકલ કરી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા ભાજપ અધ્યક્ષ શ્રી કીર્તિસિંહ વાઘેલા, જિલ્લા પ્રભારી શ્રી ધવલભાઈ દવે, ધારાસભ્યશ્રી અનિકેતભાઈ ઠાકર, સંગઠનના પદાધિકારીઓ, આગેવાનો, અગ્રણીઓ, કાર્યકરો તથા મોટી સંખ્યામાં જનમેદની ઉપસ્થિત રહી હતી.

# ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માની વિશેષ ઉપસ્થિતિમાં વડોદરા મહાનગર ખાતે ભાજપાનો પ્રચંડ રોડ-શો યોજાયો

**ભાજપાના ધ્વજ, કેસરિયા ખેસ, કાર્યકરોની અપાર ઊર્જા અને નાગરિકોના ઉત્સાહ સાથે સમગ્ર રોડ-શોમાં અભૂતપૂર્વ દૃશ્યો સર્જાયા**



**રોડ- શો દરમિયાન વડોદરાવાસીઓના સહર્ષ આવકારમાં ભાજપા પ્રત્યેના વિશ્વાસ અને સમર્થનની ભાવના સ્પષ્ટપણે જોવા મળી**

**નાગરિકોએ અભૂતપૂર્વ ઉમંગ અને ઉત્સાહ સાથે શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની ઉપસ્થિતિને વધાવી ઠેર ઠેર પુષ્પવર્ષા કરી તેમને આવકાર્યા**

કમલમ્,

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો પ્રચાર જ્યારે અંતિમ તબક્કામાં પહોંચી રહ્યો છે ત્યારે આજે ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માની વિશેષ ઉપસ્થિતિમાં વડોદરા મહાનગર ખાતે ભાજપાનો પ્રચંડ રોડ-શો યોજાયો હતો. આ ભવ્ય રોડ-શોનું પ્રસ્થાન વડોદરા મહાનગરના વોર્ડ ૧૪ ચુંટણી મધ્યસ્થ કાર્યાલય પટોડિયા પોળ માંડવી થી પ્રસ્થાન થયું હતું જે ગેંડીગેટ, નાની શાક્માર્કેટ, ભારતી સ્કુલ, શિવાજી ચોક, બરાનપુરા જીઈબી, પથ્થર ગેટ, સાયકલ બજાર, ભગતસિંહ ચોક, માર્કેટચાર રસ્તા થઈ ખંડેરાવ માર્કેટ ચાર રસ્તા પાસે વોર્ડ ૧૩ના ચુંટણી મધ્યસ્થ કાર્યાલય ખાતે થયું હતું. આ પ્રસંગે પ્રદેશ મહામંત્રી શ્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ, વડોદરાના સાંસદ અને પ્રદેશ યુવા મોરચાના પ્રમુખ ડો. હેમાંગભાઈ જોષી, વડોદરા મહાનગરના અધ્યક્ષ ડૉ. જયપ્રકાશ સોની ઉપસ્થિત રહ્યા હતાં. શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં અને કાર્યકર્તાઓના વિશાળ જનસમૂહ સાથે રેલી સ્વરૂપે આયોજિત આ ભવ્યાતિભવ્ય રોડ-શોમાં જનમેદની ઉમટી પડી હતી. સમગ્ર રૂટ ભારતમાતા કી જય અને વંદે માતરમ્ ના નાદ સાથે ગુંજી ઉઠ્યો હતો. નાગરિકોએ અભૂતપૂર્વ ઉમંગ અને ઉત્સાહ સાથે શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની ઉપસ્થિતિને વધાવી ઠેર ઠેર પુષ્પવર્ષા કરી તેમને આવકાર્યા હતાં. ભાજપાના ધ્વજ, કેસરિયા ખેસ, કાર્યકરોની અપાર ઊર્જા અને નાગરિકોના ઉત્સાહ સાથે સમગ્ર રોડ-શોમાં અભૂતપૂર્વ દૃશ્યો સર્જાયા હતાં. રોડ- શો દરમિયાન વડોદરાવાસીઓના સહર્ષ આવકારમાં ભાજપા પ્રત્યેના વિશ્વાસ અને સમર્થનની ભાવના સ્પષ્ટપણે ઝળકતી જોવા મળી હતી.



કમલમ્,

**સંતરામપુર વિધાનસભામાં સમાવિષ્ટ કડાણા તાલુકાના ડીટવાસ જિલ્લા પંચાયત બેઠકના ઉમેદવાર શ્રીમતી સોનલબેન ઉપેન્દ્રકુમાર પટેલના સમર્થનમાં "વિજય સંકલ્પ રેલી " યોજાઈ જેમાં મોટી સંખ્યામાં જનમેદનીનું અભિવાદન ધારાસભ્યશ્રી ડો. કુબેરભાઈ ડીંડોરે ઝીલ્યું. નગરજનોના ચહેરા પરનો ઉમંગ અને આ અપ્રતિમ જનસમર્થન સ્પષ્ટ કરે છે કે ગુજરાતના સુશાસન પર જનતાને અતૂટ ભરોસો છે.**

# નર્મદામાં ભાજપની લહેર

**ઉમેદવારોમાં જંગી ઉત્સાહ, કાર્યકર્તાઓમાં વિજયનો જુસ્સો**



કમલમ્, નર્મદા

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ જિલ્લામાં રાજકીય માહોલ દિવસેને દિવસે ચરમસીમાએ પહોંચ્યો છે. ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોને ગામે ગામ અને શહેરોમાંથી મળતા જંગી જનસમર્થનને કારણે કાર્યકર્તાઓમાં જીતનો આત્મવિશ્વાસ વધુ મજબૂત બન્યો છે. ભાજપ દ્વારા જિલ્લા પંચાયતની તમામ ૨૨ બેઠકો, તાલુકા પંચાયતની ૧૦૩ બેઠકો તેમજ નગરપાલિકાની ૨૮ બેઠકો પર ઉમેદવારો ઉતારતા સંગઠનમાં નવી ઊર્જા જોવા મળી રહી છે. યુવા અને નવા ચહેરાઓને મળેલી તકથી કાર્યકર્તાઓમાં નવચેતનાનો સંચાર થયો છે. જિલ્લાના વિવિધ વિસ્તારોમાં ઉમેદવારો દ્વારા સુવ્યવસ્થિત અને પ્રભાવશાળી પ્રચાર અભિયાન ચાલી રહ્યું છે. ઘર-ઘર સંપર્ક, નાની બેઠકઓ અને રોડ શો દ્વારા મતદારો સાથે સીધી વાતચીત થતી હોવાથી લોકમાહોલ ભાજપ તરફ વધુ અનુકૂળ બનતો જોવા મળી રહ્યો છે. વિકાસ અને વિશ્વાસના મુદ્દાઓ પર ભાજપના ઉમેદવારોને લોકોનો વધતો સમર્થન મળી રહ્યો છે. જિલ્લા સંગઠનના માર્ગદર્શન હેઠળ કાર્યકર્તાઓ સતત મેદાનમાં સક્રિય રહી મતદારો સુધી પહોંચતા રહ્યા છે. યુવા કાર્યકર્તાઓ અને મહિલા મંડળનો ઉત્સાહજનક સહયોગ ભાજપના અભિયાનને વધુ ગતિ આપી રહ્યો છે. કાર્યકર્તાઓમાં એક જ નારો ગુંજી રહ્યો છે- "ભાજપ આવે છે" જિલ્લા પ્રમુખ અને આગેવાનો દ્વારા નિયમિત બેઠકઓ યોજી કાર્યકર્તાઓમાં ઉત્સાહ જાળવી રાખવામાં આવી રહ્યો છે અને બૂથ સ્તરે મજબૂત મેનેજમેન્ટ ઉભું કરવામાં આવ્યું છે. જેના પરિણામે મતદાનના દિવસે ભાજપને નોંધપાત્ર લાભ મળવાની સંભાવના વ્યક્ત થઈ રહી છે. સ્થાનિક લોકોમાં પણ ભાજપના વિકાસકાર્યો અને વિશ્વાસના આધારે ફરી એકવાર કમળ ખીલશે તેવી આશા વધુ મજબૂત બની રહી છે.

# પક્ષીઓના સંરક્ષણ માટે શ્રી સરસ્વતી મહાવિદ્યાલયની એક સરાહનીય સેવાકીય પ્રવૃતિ



કમલમ્,

જયદીપ મેમોરિયલ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી સરસ્વતી મહાવિદ્યાલય આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સુરત ખાતે ઈ.ચા. આચાર્યા શ્રી સ્વર્ણિમા જૈનના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. યુનિટ દ્વારા ગરમીના સમયને ધ્યાનમાં રાખીને પક્ષીઓના સંરક્ષણ માટે એક સરાહનીય સેવાકીય પ્રવૃતિ કરવામાં આવી. આ પહેલ અંતર્ગત વિદ્યાર્થીઓને ઈકોસિસ્ટમમાં સંતુલન જાળવવામાં પક્ષીઓના મહત્વ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. તદુપરાંત, પક્ષીઓને ઉનાળામાં સરળતાથી પાણી, આહાર અને રહેઠાણ મળી રહે તે હેતુસર વિદ્યાર્થીઓ દ્વારા ઘોંસલો બનાવવા ઉપયોગી વિવિધ સામગ્રી તૈયાર કરવામાં આવી. તેમજ પક્ષીઓ માટે પાણી અને દાણા રાખવા માટે ડબ્બાઓ કાપીને તેને ઉપયોગી સ્વરૂપ આપવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિમાં શૈક્ષણિક સ્ટાફ સભ્યો તેમજ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક સહભાગી બની સેવાભાવ અને પર્યાવરણ પ્રત્યેની જવાબદારીનો ઉત્તમ સંદેશ આપ્યો હતો. અને દરેકે પોતાના ઘર આસપાસ પક્ષીઓ માટે દાણા અને પાણી રાખવાનો સંકલ્પ કર્યો હતો.

# માંડવી તાલુકાના ઘંતોલી જિલ્લા પંચાયત ના સઠ્વાવ તાલુકા પંચાયત બેઠકના આપ ના ઉમેદવાર રાજેશ ભાઈ ચોધરી એ ભાજપ ને ટેકો જાહેર કર્યો

**આપના રાજેશભાઈ ચૌધરીને જિલ્લા પ્રભારી શ્રી ગૌતમ ભાઈ ગેડીયા અને પ્રમુખ શ્રી ભરતભાઈ રાઠોડે ખેસ પહેરાવીને વિધિવત પ્રવેશ આપીને આવકાર્યા**



કમલમ્, બારડોલી

સુરત જિલ્લા પંચાયત ની ઘંટોલી બેઠક અંતર્ગત સઠવાવ તાલુકા પંચાયત ની બેઠક ના આપ ના ઉમેદવાર રાજેશ ચોધરી એ ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર ને ટેકો જાહેર કર્યો. સુરત જિલ્લાના માંડવી તાલુકાની ધન્ટોલી જિલ્લા પંચાયત બેઠક માં સઠવાવ તાલુકા પંચાયત બેઠક ના આમ આદમી પાર્ટી (આપ) ના ઉમેદવારે ભાજપ ને જિલ્લા મધ્યસ્થ કાર્યાલય આવી ટેકો જાહેર કર્યો હતો.અને ભાજપા માં જોડાયા હતા.જે નિમિતે સુરત જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રભારી શ્રી ગૌતમ ભાઈ ગેડીયા, પ્રમુખ ભરતભાઈ રાઠોડ મહામંત્રીશ્રીઓ રોહિતિ ભાઈ પટેલ,અંકુરભાઈ દેસાઈ, તથા અરેઠ તાલુકા પ્રમુખ આતિશ ભાઈ ચોધરી, દિનેશભાઈ પટેલ, તથા આગેવાનો રેસાભાઈ ચૌધરી, ઉપસ્થિતિ માં જિલ્લા પ્રભારી શ્રી ગૌતમ ભાઈ ગેડીયા પ્રમુખ શ્રી ભરતભાઈ રાઠોડે ખેસ પહેરાવીને વિધિવત પ્રવેશ આપીને આવકાર્યા હતા.

# નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીની ઉપસ્થિતિમાં રાજકોટ મહાનગર ખાતે ભારતીય જનતા પાર્ટીનો ભવ્ય રોડ-શો યોજાયો

**રોડ શો ના સમગ્ર રૂટ દરમિયાન દેશભક્તિ અને ભાજપા સમર્થિત ગીતો તેમજ કાર્યકર્તાઓના અપાર ઉત્સાહ અને જનતાના અભૂતપૂર્વ આવકાર સાથે સમગ્ર વાતાવરણ ભાજપામય બન્યું**









કમલમ્,

રાજ્યના નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીની ઉપસ્થિતિમાં રાજકોટ મહાનગર ખાતે ભારતીય જનતા પાર્ટીનો ભવ્ય રોડ-શો યોજાયો હતો. રોડ-શોનો પ્રારંભ ત્રિકોણ બાગ થી થયો હતો જ્યાંથી ભવ્ય રેલી સ્વરૂપે રોડ-શો આગળ વધતા, સાંગણવા ચોક, ધર્મેન્દ્ર રોડ, ઘી-કાંટા રોડ, કંસારા બજાર, સોની બજાર, પેલેસ રોડ, બાલાજી મંદિર થઈ ફરી ત્રિકોણ બાગ ખાતે રોડ-શો નું સમાપન થયું હતું. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી સાથે પૂર્વ કેન્દ્રીય મંત્રીશ્રી અને સાંસદશ્રી પરષોત્તમભાઇ રૂપાલા, રાજ્યસભા સાંસદ શ્રી રામભાઈ મોકરિયા, રાજકોટ મહાનગર ભાજપા અધ્યક્ષ ડો. માધવભાઈ દવે, ધારાસભ્યશ્રીઓ સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં. આ ભવ્ય રોડ શો ના સમગ્ર રૂટ દરમિયાન દેશભક્તિ અને ભાજપા સમર્થિત ગીતો તેમજ કાર્યકર્તાઓના અપાર ઉત્સાહ અને જનતાના અભૂતપૂર્વ આવકાર સાથે સમગ્ર વાતાવરણ ભાજપામય બન્યું હતું જે ભાજપાના પ્રચંડ વિજયની પ્રતિતિ કરાવી રહ્યું હતું.

